# પ્રેમીએ દગો દેતાં અમદાવાદની એચ.એલ.ની વિદ્યાર્થિનીએ વાડજમાં આપઘાત કરતા ચકચાર

બી.ન્યુઝ.માણસા મારા પ્રેમીએ બે વર્ષ સુધી મારો શારીરિક ઉપયોગ કરી મને દગો દેતા હું આત્મહત્યા કરું છું.'' આ શબ્દો એચ.એલ. કોમર્સ કોલેજના ટીવાયમાં અભ્યાસ કરતી આરતીએ આત્મહત્યા કરતા અગાઉ લખેલી સ્યુસાઇડ નોટના આ શબ્દો છે. નવા વાડજ ખાતે નંદનવન ફ્લેટમાં રહેતા અને નેશનલ હેલ્થ એજ્યુકેશનના હેડ ટેક્નિશિયનની પુત્રી આરતીએ ગઇકાલે બપોરે પોતાના ઘરમાં ગળા ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. નારણપુરા પોલીસે આરતીની લાશને પોસ્ટમોર્ટમ માટે વીએસ હોસ્પિટલમાં મોકલીને તપાસ હાથ ધરી છે. પોલીસે સ્યુસાઇડ નોટના આધારે આરતીના પ્રેમી વિરુધ્ધ કાર્યવાહી કરવાની તૈયારીઓ કરી છે. આરતીના પરિવારજનોએ આ અંગે હજુ સુધી કોઇ ફરિયાદ નોંધાવી નથી. નંદનવન ફ્લેટમાં ગઇકાલે બપોરે આરતી કાન્તિલાલ ચૌહાણ (ઉ.વ.૨૦) પોતાના ઘરે ગળા ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. બનાવની જાણ પરિવાજનોએ નારણપુરા પોલીસને કરતા પીએસઆઇ એન. એસ. બરંડા સ્ટાફ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસ તપાસમાં ગઇકાલે બપોરે પરિવારજનો બહાર ગયા હતા. આરતીના પિતા કાન્તિલાલ ગણેશભાઇ ચૌહાણ ઓફિસે ગયા હતા. આરતીની માતા કમળાબહેન તેમજ બંને ભાઇઓ બહાર ગયાં હતાં. તે સમય દરમિયાન આરતીએ એક્લતાનો લાભ લઇ આત્મહત્યા કરી લીધી હતી. સાંજે આરતીના માતા અને ભાઇઓ ઘરે આવ્યા ત્યારે તેમને બનાવની જાણ થઇ હતી. પીએસઆઇ એન. એસ. બરંડાએ આ અંગે જણાવ્યું કે, '' એચ.એલ.કોમર્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી આરતીએ નવા વાડજ ખાતે નંદનવન ફ્લેટમાં પોતાના ઘરે આત્મહત્યા કરતા અગાઉ લખેલી સ્યુસાઇડ નોટ અમે જમા લઇ તપાસ હાથ ધરી છે. આરતીએ સ્યુસાઇડ નોટમાં લખ્યું છે કે, મારા પ્રેમી ચિરાગે બે વર્ષ સુધી મારો શારીરિક ઉપયોગ કરીને મને દગો દેતાં હું આત્મહત્યા કરું છું મારા મોત માટે ચીરાગ જવાબદાર છે. '' નારણપુરા પોલીસે હાલમાં આરતીના મોત અંગે અક્સ્માત મોતની નોંધ કરીને તપાસ હાથ ધરી છે. આરતીએ સ્યુસાઇડ નોટમાં તેના પ્રેમીનું સરનામું નહીં લખ્યું હોવાથી હજુ સુધી આરોપી પોલીસને મળ્યો નથી. પોલીસે આરતીના પ્રેમી અંગે તપાસ હાથ ધરી છે. જોકે, પરિવારજનો આરતીના પ્રેમ પ્રકરણ અંગે અજાણ હોવાનું જણાવી રહ્યા છે. જોકે, આરતીના પ્રેમી સામે બળાત્કાર અને આત્મહત્યા કરવા દુષ્પ્રેરણા આપવાનો ગુનો દાખલ કરવાની તજવીજ નારણપુરા પોલીસે શરૂ કરી છે.

# ગાંધી આશ્રમમાંથી મધ્ય પ્રદેશના અધિકારીનો મોબાઈલ ફોન ચોરાયો

મધ્ય પ્રદેશના રહેવાસી અને ભારતીય સેવા મંડળના અધિકારી ત્યાંના કલેક્ટર સાથે અમદાવાદમાં ટ્રેનિંગમાં આવ્યા હતા. અધિકારી પરિવાર સાથે ગાંધીજીનું રાણીપ ખાતે આવેલો ગાંધી આશ્રમ જોવા ગયા હતા. તે દરમિયાન બાંકડા પર બેઠા હતા અને ત્યાંથી મોબાઈલ ચોરી થઈ જતાં મધ્યપ્રદેશના અધિકારીએ શોધખોળ કરી મૂકી હતી, પરંતુ આખરે રૂ. ૨૯,૦૦૦નો મોબાઈલ ન મળતા રાણીપ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, મધ્યપ્રદેશના ભારતીય વન સેવા મંડળ અધિકારી સાગર ખાતે રહેતા ડી.એફ.ઓ. ડો. સૂર્યપ્રકાશ બલભદ્ર તિવારી (ઉ.વ. ૫૧) તથા ત્યાંના કલેક્ટર સહિત આઈએએસ અધિકારીઓ અમદાવાદ શહેરના સ્પિપા ખાતે બે દિવસીય ટ્રેનિંગમાં આવ્યા હતા. ગુરુવારથી ટ્રેનિંગ ચાલુ થતી હોવાથી ગઈકાલે અમદાવાદમાં જોવાલાયક સ્થળો ડો. સૂર્યપ્રકાશ તેમની પત્નીને બતાવતા હતા તે દરમિયાન ગાંધીજીની યાદગીરી સમાન અને સુપ્રખ્યાત રાણીપ ખાતે આવેલ ગાંધી આશ્રમ તેમની પત્નીને બતાવ્યો હતો અને ગાંધી આશ્રમ જોઈ તેમાં આવેલા એક બાકડા પર તેઓ બેઠા હતા. થોડા સમય બાદ ડો. સૂર્યપ્રકાશે પોતાનો મોબાઈલ ફોન બાંકડા પર મુક્યો હતો અને ત્યાં મોબાઈલ ભૂલી ગયા હતા અને દસ મિનિટ બાદ તે મોબાઈલ લેવા માટે પરત ફર્યા બાદ સેમસંગનો રૂ. ૨૯,૦૦૦નો મોબાઈલ ન મળતા ડો. સૂર્યપ્રકાશે આ અંગે રાણીપ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. રાણીપ પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી હતી. તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે ડો. સૂર્યપ્રકાશ પત્નીને ગાંધી આશ્રમ બતાવવા આવ્યા અને આ બનાવ બન્યો હતો. આ અંગે આઈએનઆઈ નંબરના આધારે તપાસ ચાલુ છે.



# ગુજરાત-પંજાબના ૧૦૪ યુવાનો ગ્વાટેમાલામાંથી લાપતા બન્યા

ક્યાં છે ગુજરાતના એ યુવાનો? તેમને જમીન ખાઈ ગઈ કે આકાશ ગળી ગયું? બે વર્ષ પૂર્વે ગુજરાત અને પંજાબના ૧૦૪ યુવાનો ગેરકાયદે અમેરિકામાં પ્રવેશવા માટે ઘરેથી નીકળ્યાં હતા, પણ તેમને ક્યાં એવી ખબર હતી કે આ તેઓ અમેરિકા નહીં પણ 'અવલ મંજિલ' તરફ જઈ રહ્યા છે? પોલીસને એવી શંકા છે કે આ પૈકીના મોટા ભાગનાને મેક્સિકોનાં ડ્રગ્સ માફિયાઓએ મોતને ઘાટ ઉતારી દીધા છે. લાપતા બનેલા ૧૦૪ લોકોમાં ભારતનાં અન્ય શહેરો ઉપરાંત ગુજરાતના મહેસાણા, સુરત, ગાંધીનગર અને અન્ય શહેરોના રહેવાસી યુવકોનો પણ સમાવેશ થાય છે. આ ઘટના અંગે ગુજરાત સરકાર સદંતર અજાણ હોય એવું બની શકે નહીં. જોવાની વાત એ છે કે, ગ્વાટેમાલામાં આટલા ગુજરાતીઓ લાપતા બન્યાં છે, ગુજરાતમાં વરસાદના અભાવને લીધે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યાં છે, પરંતુ 'ચાલો ગુજરાત'ના નામે અમેરિકામાં જઈને તમાશા યોજનાર નેતાઓ અને અગ્રણીઓ ગુજરાત સરકારની મસ્કાબાજીમાં વ્યસ્ત છે. સરકાર કે ગુજરાતી સમાજના નામે ચાલતી સ્વૈચ્છિક સંસ્થાઓના પેટનું પાણી પણ હાલતું નથી. કબૂતરબાજી કૌભાંડના સૂત્રધારોએ ગુજરાત અને પંજાબના કુલ ૧૦૪ યુવકોને દિલ્હીથી ઈસ્તંબૂલ થઈને ગ્વાટેમાલા મોકલ્યાં હતા, જ્યાંથી તેમણે મેક્સિકોના રસ્તે જંગલમાંથી પસાર થઈને અમેરિકાની સરહદમાં ઘૂસવાનું હતું. ગ્વાટેમાલામાં આ યુવકોએ પોતાના પરિવાર સાથે વાત પણ કરી હતી, ત્યારબાદ તેમનો કોઈ પતો નથી. જાણવા મળ્યું છે કે આ ૧૦૪ ભારતીય યુવકોને ગ્વાટેમાલામાં ત્યાંના સ્પેનિશ અને મેક્સિકન દલાલોને સોંપી દેવામાં આવ્યાં હતા. આશંકા પ્રમાણે આ દલાલો અમેરિકામાં ચોરીછૂપીથી ડ્રગ્સ ઘુસાડતી આંતરરાષ્ટ્રીય ગેન્ગ માટે કામ કરે છે અને તેઓ ગરીબ યુવકોની મજબૂરીનો લાભ લઈને તેમની સાથે ડ્રગ્સ પણ અમેરિકામાં ઘુસાડી દે છે. આ મુદ્દે જ્યારે દિલ્હી પોલીસે સુરત જઈને પ્રવીણ પટેલના નામે શખ્સની ધરપકડ કરી ત્યારે તેની પાસેથી ભલભલાંને હચમચાવી મૂકે એવી અને વિદેશના મોહમાં અંધ બનેલા યુવકોની આંખ ઉઘાડનારી કહાણી જાણવા મળી. પ્રવીણ પોતાના પિતરાઈ ભાઈ સાથે અમેરિકા જઈ રહ્યો હતો. ગ્વાટેમાલામાં તેમની પાસેથી પાસપોર્ટ લઈને તેમને સ્થાનિક દલાલોને સોંપી દેવાયા. પ્રવીણ અને તેના ભાઈ સહિત ૩૦૦ લોકોને એક કન્ટેનરમાં ઘેટાંબકરાંની જેમ પૂરી દેવાયાં. મેક્સિકો પહોંચવામાં ત્રણ રાત અને બે દિવસ સુધી આ લોકોને ભૂખ્યા-તરસ્યા ચલાવવામાં આવ્યાં. જ્યારે ભાઈએ વિરોધ કર્યો ત્યારે પ્રવીણની આંખ સામે જ તેને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો. પ્રવીણ જેમ તેમ કરતાં અમેરિકા પહોંચી ગયો પણ ત્યાં પકડાઈ ગયો. આઠ મહિના અમેરિકાની જેલમાં રહ્યાં બાદ તેને ભારત ડિપોર્ટ કરાયો. પ્રવીણ નસીબવાળો હતો પણ શું બાકીના લોકોના નસીબ પણ પ્રવીણ જેવા સારાં હતાં? કદાચ આનો જવાબ 'ના' છે. ગ્વાટેમાલામાં ગુમ થયેલા ૧૦૪ યુવકોમાં ગુજરાતના સંખ્યાબંધ યુવકો પણ છે. સવાલ એ છે કે શું આ યુવકોની હત્યા થઈ ચૂકી છે? આ કિસ્સાની તપાસ થશે, કાયદો કાયદાનું કામ કરશે, કદાચ આરોપીઓ પકડાઈ પણ જશે, પણ શું પરિવારને તેનો દીકરો, કોઈ માસૂમને તેનો પિતા પાછો મળશે? આ કિસ્સો વિદેશમાં કમાવાના મોહમાં અંધ બનેલા લોકો સામે લાલબત્તી ધરે છે.

# અમદાવાદીઓને ડબલ ડેકર ટ્રેન માટે હજુ રાહ જોવી પડશે

અમદાવાદના મુસાફરો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે અમદાવાદ-મુંબઇ વચ્ચેની ડબલ ડેકર ટ્રેન ટેક્નિકલ ખામીને કારણે હજુ શરૂ થઇ શકી નથી. ગત જૂન માસમાં આ ટ્રેન પાટા પર દોડવાની હતી, પણ રેલવેતંત્ર તેમાં સફળ થયું નથી. અમદાવાદ-મુંબઇ વચ્ચે મુસાફરોનો ભારે ધસારો રહેતો હોવાથી રેલવેતંત્ર દ્વારા બજેટમાં અમદાવાદ-મુંબઇ ડબલ ડેકર ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જે મુજબ ટ્રેન અમદાવાદ આવી ગઇ છે અને તેની ચાર-પાંચ ટ્રાયલ કરવામાં આવી હતી, જેમાં તે જરૂરી સ્પીડ એટલે કે પ્રતિ કલાકના ૧૨૦ની પકડી શકતી ન હતી, જે ખામીને સુધારવામાં આવી. આમ છતાં હજુ કેટલીક ટેક્નિકલ ખામી હોવાથી તેને દૂર કરવામાં આવી રહી છે. આ ખામી દૂર થયા બાદ તેને મુસાફરો માટે દોડાવવામાં આવશે. રેલવે સૂત્રોના જણાવ્યા મુજબ આ ટ્રેન ડબલ ડેકર હોવાથી સામાન્ય કરતા અલગ છે. તેથી તેમાં થોડી ઘણી ટેક્નિકલ ખામી જોવા મળી છે, જેને દૂર કરાઇ રહી છે અને ટૂંક સમયમાં તે શરૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે .આ ટ્રેન માત્ર બોરીવલી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ સ્ટોપેજ કરવાની હોવાથી સાત કલાકમાં મુંબઇ પહોંચી શકાશે.